# Gujarat Ayurved University

## Exam Section

Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008

FAX NO. 0288-2555585, PHONE NO. 0288-2555853, Toll Free (Gujarat) 1800 233 7324

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in


નં.૪/પરીક્ષા/૨૦૨૬–૨૭/૪૦૪ તા. ૦૬/૦૬/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન આયુર્વેદ કોલેજો...

| | | | |
|---|---|---|---|
| (૧) | સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, કોલવડા | (૨) | સરકારી આયુર્વેદ કોલેજ, વડોદરા |
| (૩) | શેઠ જે. પી. આયુર્વેદ કોલેજ, ભાવનગર | (૪) | સરકારી આયુર્વેદ કોલેજ, જુનાગઢ |
| (૫) | જે. એસ. આયુર્વેદ કોલેજ, નડીયાદ | (૬) | ઓ. હી. નાઝર આયુર્વેદ કોલેજ, સુરત |
| (૭) | ધન્વંતરિ આયુર્વેદ કોલેજ, કોયડમ | (૮) | વી. એમ. મહેતા આયુર્વેદ કોલેજ, આણંદપર |
| (૯) | મંજુશ્રી આયુર્વેદ કોલેજ, પીપલજ | (૧૦) | ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ આયુર્વેદ, ઈશ્વરીયા |
| (૧૧) | આર.એમ.ડી. આયુર્વેદ કોલેજ, વાગલધારા | (૧૨) | સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ, કોલવડા |
| (૧૩) | ઈવા કોલજ ઓફ આયુર્વેદ, સુપેડી | (૧૪) | કે. જે. ઈન્સ્ટીટયૂટ, સાવલી |
| (૧૫) | નેત્ર ચિકિત્સા આયુર્વેદ કોલેજ, અમરેલી | (૧૬) | ગ્લોબલ આયુર્વેદ કોલેજ, રાજકોટ |
| (૧૭) | મુરલીધર આયુર્વેદ કોલેજ, રાજકોટ | (૧૮ | અનન્યા આયુર્વેદ કોલેજ, કલોલ |
| (૧૯) | નોબલ આયુર્વેદ કોલેજ, જુનાગઢ | (૨૦) | બી.જી. ગેરૈયા આયુર્વેદ કોલેજ, રાજકોટ |
| (૨૧) | ભાર્ગવા આયુર્વેદ કોલેજ, દહેમી | (૨૨) | જય જલારામ આયુર્વેદ કોલેજ, ગોધરા |
| (૨૩) | બાલાહનુમાન આયુર્વેદ કોલેજ, લોદરા | (૨૪) | મર્ચન્ટ આયુર્વેદ કોલેજ, બાસણા |
| (૨૫) | વસંત પરીખ આયુર્વેદ કોલેજ, વડનગર | (૨૬) | એસ. એસ. અગ્રવાલ ઈન્સ્ટીટયૂટ, નવસારી |
| (૨૭) | પાયોનીયર આયુર્વેદ કોલેજ, વડોદરા | (૨૮) | સિધ્ધેશ્વર હનુમાનજી આયુર્વેદ કોલેજ,સુરેન્દ્રનગર |
| (૨૯) | હિમાલય આયુર્વેદ ચિકિત્સાલય, વડસમા | (૩૦) | શ્રીધર અતુલકુમાર જાની આયુર્વેદીક કોલેજ,અમરેલી |
| (૩૧) | સરદાર આયુર્વેદ કોલેજ, મહેસાણા | (૩૨) | દાળિયા આયુર્વેદ કોલેજ, કનેરા |

વિષય :– **નવા સિલેબસ મુજબના પ્રથમ વર્ષ, બીજા વર્ષ અને ત્રીજા વર્ષની લેખિત પરીક્ષાના આવેદનપત્રો ભરવા બાબત.**

સંદર્ભ :– પરીક્ષા શાખાના તા. ૧૮/૦૫/૨૦૨૬ ના પરીપત્ર નં.૪/પરીક્ષા/૨૦૨૬–૨૭/૨૮૨

મહાશય, / મહોદયા,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, બી.એ.એમ.એસ. ની નવા સિલેબસ મુજબની પ્રથમ વર્ષ, બીજા વર્ષ અને ત્રીજા વર્ષની લેખિત પરીક્ષા સંદર્ભમાં દર્શાવેલ પત્ર અનુસાર તા. ૧૭/૦૭/૨૦૨૬ થી શરૂ થનાર છે. જુલાઈ–૨૦૨૬ ની પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ સંદર્ભમાં દર્શાવેલ પત્રની સાથે મોકલી આપવામાં આવેલ છે.

આપની કોલેજમાંથી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના આવેદનપત્રો **તા. ૦૮/૦૬/૨૦૨૬** થી યુનિવર્સિટી વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી (ઓનલાઈન ફોર્મ) સંપૂર્ણ વિગતો **તા. ૧૯/૦૬/૨૦૨૬** સુધીમાં ભરી જરૂરી ફી સાથે યુનિવર્સિટીની પરીક્ષા શાખાને મોકલી આપવાના રહેશે.

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૨૧/૨૨–૦૨–૨૦૨૩ ની સભામાં બાબત–૧ થી થયેલ નિર્ણય અનુસાર બી.એ.એમ.એસ. કોર્ષની પરીક્ષા ફી રૂા. ૩૦૦૦/– દરેક વિદ્યાર્થીએ ભરવાની રહેશે.

એકઝામીનેશન કંટ્રોલ બોર્ડની તા. ૦૧/૦૬/૨૦૨૩ ની સભામાં ક્રમ નં. ૩ અન્વયે થયેલ નિર્ણય અનુસાર પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવતાં પરીક્ષાના આવેદન પત્ર ઉપર વિદ્યાર્થીની સહી મેળવી, આચાર્યશ્રીના સહી / સિકકા કરી તેની સ્કેન કોપી પરીક્ષા શાખાને નીચે આપેલી સમય મર્યાદામાં અચૂક ઈ–મેઈલ દ્વારા સોફટ કોપીમાં મોકલવાની રહેશે.

Gujarat Ayurved University
Exam Section
Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008
FAX NO. 0288-2555585, PHONE NO. 0288-2555853, Toll Free (Gujarat) 1800 233 7324
Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in



ફોર્મ ભરવાની નિયત થયેલી છેલ્લી તારીખ સુધીમાં પરીક્ષા આપવા માટે કન્ફર્મ થઈ ગયેલ વિદ્યાર્થીઓની વિગત કન્ફર્મ સ્ટુડન્ટસ લીસ્ટ યુનિવર્સિટી પોર્ટલ ઉપરથી મેળવી તેમાં નીચે સહી / સિકકા કરી ઈમેઈલ મારફત સોફટ કોપી તથા હાર્ડકોપી યુનિવર્સિટીને **તા. ૧૯/૦૬/૨૦૨૬** બાદ દિવસ–૦૨ માં મોકલી આપવાની રહેશે. કન્ફર્મ સ્ટુડન્ટસ લીસ્ટ યુનિવર્સિટીને મોકલી આપવા બાબતે કોલેજના પરીક્ષાના હેડકલાર્ક, પરીક્ષા કો–ઓર્ડીનેટર તેમજ આચાર્યશ્રીની સંયુકત જવાબદારી રહેશે.

આવેદન પત્ર સ્વીકારવાની તારીખ નીચે મુજબ રહેશે.

| | |
|---|---|
| રેગ્યુલર ફી સાથે આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | **તા. ૦૮/૦૬/૨૦૨૬ થી તા. ૧૯/૦૬/૨૦૨૬ (કુલ–૧૨ દિવસ)** |
| પ્રતિદિન રૂા. ૨૦૦/– લેઈટ ફી સાથે આવેદનપત્ર સ્વીકારવાની તારીખ | **તા. ૨૦/૦૬/૨૦૨૬ થી તા. ૨૪/૦૬/૨૦૨૬ (કુલ–૦૫ દિવસ)** |
| લેઈટ ફી પ્રતિદિન રૂા. ૨૦૦/– ઉપરાંત વધારાની રૂા. ૪૦૦૦/– પેનલ્ટી સાથે ખાસ કિસ્સા તરીકે માન. કુલપતિશ્રીની મંજુરી મળ્યા બાદ સ્વીકારવાની તારીખ | **તા. ૨૫/૦૬/૨૦૨૬ થી તા. ૨૯/૦૬/૨૦૨૬ (કુલ–૦૫ દિવસ)** |

**તા. ૨૫/૦૬/૨૦૨૬** થી **તા. ૨૯/૦૬/૨૦૨૬** સુધી મોકલવામાં આવનાર આવેદનપત્રો યુનિવર્સિટી દ્વારા નિયત થયેલ તારીખના દિવસ બાદથી (એટલે કે તા. ૨૪/૦૬/૨૦૨૬ બાદથી) લેઈટ ફી પ્રતિદિન રૂા. ૨૦૦/– સાથે ઉપરાંત વધારાની રૂા. ૪૦૦૦/– પેનલ્ટી સાથેની ફી ભરવાની રહેશે. તમામ આધાર પુરાવાઓ સાથે ખાસ કિસ્સા તરીકે આચાર્યશ્રીની ભલામણ સાથે અત્રે મળ્યા બાદ માન. કુલપતિશ્રીની મંજુરી મળ્યા બાદ જ માન્ય કરવામાં આવશે. અત્રેથી માન. કુલપતિશ્રીની મંજુરી મળ્યા બાદ જ જે તે વિદ્યાર્થીઓની પરીક્ષા ફી તથા લેઈટ ફી, પેનલ્ટી ફી ની રકમ ઓનલાઈન ભરવાની રહેશે. ફી ભર્યા બાદ જ એડમીટ કાર્ડ અને સીટ નંબર જનરેટ કરવામાં આવશે. આ અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**તા. ૨૯/૦૬/૨૦૨૬** બાદ કોઈપણ સંજોગોમાં આવેદનપત્ર સ્વીકારવામાં આવશે નહીં.

દરેક વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર પરીક્ષા ફી ઓનલાઈન ભરવાની રહે છે, જેનું URL https://ayurveduniversity.edu.in/gauexamfees છે, જેનો પાથ નીચે મુજબ છે.

(૧) સૌ પ્રથમ આયુર્વેદ યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર જવું. (૨) સ્ટુડન્ટસ ઉપર કર્સર રાખવું.
(૩) સૌથી નીચે પે ફી ઉપર કર્સર રાખવું. (૪) એકઝામ ફી પર કલીક કરવું.
(૫) એનરોલમેન્ટ નંબર દાખલ કરીને આગળની કાર્યવાહી કરવી.

આ ફી ભરવા બાબતની ગાઈડ લાઈન દર્શાવતી પી.ડી.એફ. વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે, જેમાં દર્શાવ્યા અનુસારના સ્ટેપનો દરેક વિદ્યાર્થીઓએ તથા કોલેજોએ ફી ભરવાના સમયે અમલ કરવાનો રહેશે. આ બાબતની જાણ આપની કોલેજના દરેક વિદ્યાર્થીઓને કરવાની રહેશે.

Gujarat Ayurved University EXAM Jamnagar

...૩...

Gujarat Ayurved University
Exam Section
Chanakya Bhavan, Hospital Road, Jamnagar – 361 008
FAX NO. 0288-2555585, PHONE NO. 0288-2555853, Toll Free (Gujarat) 1800 233 7324
Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in



આવેદનપત્રમાં અધુરી વિગત હશે તે ફોર્મ રદ કરવામાં આવશે તેમજ પરીક્ષા ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં નિયમાનુસાર પરીક્ષા ફી પરત મળી શકશે નહીં, જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

**બી.એ.એમ.એસ. ની જુલાઈ–૨૦૨૬ ની પરીક્ષામાં નવા સિલેબસ મુજબના ત્રીજા વર્ષ (ફાયનલ યર) ની લેખિત પરીક્ષા માટેના આવેદન પત્રો ભરતી વખતે પરીક્ષા શાખાના તા. ૨૧/૦૫/૨૦૨૬ ના પરીપત્ર નં.૪/પરીક્ષા/૨૦૨૬–૨૭/૨૯૨ માં દર્શાવેલ વિગતો અનુસારની કાર્યવાહી કરવાની રહેશે.**

**બી.એ.એમ.એસ. ની જુલાઈ–૨૦૨૬ ની પરીક્ષા સંદર્ભે, જો કોઈ વિદ્યાર્થીની પરીક્ષા આપવા માટેની નિયત હાજરીમાં હાજરી ખૂટતી હોય અને તે બાબતે અત્રેથી જો કોઈ કાર્યવાહી કરવાની થતી હોય તો તે અંગે પરીક્ષા ફી ભરવાના નિયત સમયમાં જ જે તે કોલેજના આચાર્યશ્રીએ જરૂરી આધાર પુરાવા સાથે, યુનિવર્સિટી સાથે પત્રવ્યવહાર કરવાનો રહેશે.**

આપનો વિશ્વાસુ,

**( એચ. પી. ઝાલા )**
**ઈન્ચાર્જ પરીક્ષા નિયામક**

Gujarat Ayurved University EXAM Jamnagar

**નકલ રવાના :–**

(૧) આદિત્ય ઈન્ફો સોલ્યુશન્સ, જામનગર તા. ૦૮/૦૬/૨૦૨૬ થી તા. ૨૪/૦૬/૨૦૨૬ સુધી જ પોર્ટલ ઉપર ઓનલાઈન આવેદનપત્ર ભરી શકાય તે મુજબની વ્યવસ્થા કરવા વિનંતી છે.

(૨) હિસાબી શાખા